# સાબરકાંઠા જિલ્લામાં ૨૨૧૮૯ ઉમેદવારોએ એલઆરડીની પરીક્ષા આપી







હિંમતનગર, તા. ૬

હિંમતનગર સહીત જીલ્લામાં રવિવારે એલઆરડીની પરીક્ષા શાંતિપૂર્ણ પૂરી થઈ હતી. જેમાં ૩૨૮૫૦ ઉમેદવારો પૈકી ૨૨૧૮૯ ઉમેદવારો પરીક્ષા આપી હતી તો ૧૦૬૬૧ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આ પરીક્ષાની કામગીરીમાં ૧૩૦૦થી વધુ કમર્ચારીઓ જોડાયા હતા. એલઆરડીની પરીક્ષાના પેપર લખવા માટે એક કલાક સમય ઓછો પડ્યો અને પેપર સહેલું હતું પરંતુ ગણિતનું ૩૦ માર્ક્સનું સમય વધુ ભારે પૂછ્યું હતું. બીજી તરફ પરીક્ષા પૂર્ણ થતા ઉમેદવારોથી એસટી બસ સ્ટેન્ડ પર ભારે ભીડ જામી હતી.

હિંમતનગર સહીત સાબરકાંઠા જીલ્લામાં એલઆરડીની પરીક્ષા યોજાઈ હતી, જેમાં કુલ ૯૩ કેન્દ્રો પરના ૧૦૯૫ બ્લોકમાં પરીક્ષા આપવા એસટી અને પોતાના વાહનો ધ્વારા પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓ પહોચ્યા હતા, ત્યારબાદ તમામ ઉમેદવારોનું બાયોમેટ્રિક ધ્વારા રજીસ્ટેશન કર્યા બાદ કેન્દ્રમાં ઉમેદવારોને પ્રવેશ અપાયો હતો. પરીક્ષાના પેપરનો સમય એક કલાકનો હતો પરીક્ષા પૂર્ણ થયા બાદ પરીક્ષાર્થીઓએ જણાવ્યું હતું કે પેપર તો સહેલું હતું પરંતુ સમય ઓછો પડ્યો છે. પેપરમાં જનરલ નોલેજ ઓછુ પૂછ્યું હતું અને ગણિતના ૩૦ માર્ક્સના પ્રશ્નો વધુ સમય માંગી લે તેવા હતા. પેપર લાંબુ હતું અને તૈયારી કરેલ તે બહારનું પૂછ્યું હતું જેને લઈને પરીક્ષાર્થીઓના ચહેરા પર કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો. આમ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પૂર્ણ થયા બાદ પેપરનું સીલીગ કરી વાહન ધ્વારા હિંમતનગરમાં સ્ટ્રોંગરૂમ સુધી લઇ જવાયા હતા. પરીક્ષા પૂર્ણ થતા પરીક્ષાર્થીઓનો ઘરે જવાનો ધસારો હિંમતનગર એસટી બસ સ્ટેન્ડ પર થયો હતો જેને લઈને ભારે ભીડ જોવા મળી હતી. કોઈ અવ્યવસ્થા ના સર્જાય તેને લઈને પોલીસ બંદોબસ્ત વધારાયો હતો. એસટીના અધિકારીઓ અને કર્મચારીઓ પણ દોડી આવ્યા હતા. આ અંગે જીલ્લા શિક્ષણાધિકારી એસ.કે. વ્યાસે જણાવ્યું હતું કે એલઆરડીની પરીક્ષામાં કુલ ૩૨૮૫૦ પરીક્ષાર્થીઓ પૈકી ૨૨૧૮૯ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ૧૦૬૬૧ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આ કામગીરીમાં ૧૩૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. આ અંગે જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક મીનાક્ષી પટેલે જણાવ્યું હતું કે પરીક્ષામાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેને લઈને કાયદો વ્યવસ્થા માટે ૧ એસપી, ૩ ડીવાયએસપી, ૪ પીઆઇ, ૩૨ પીએસઆઇ, ૯૩ એએસઆઈ, ૪૫૦ પોકો, ૧૦૦ મહિલા પોકો, ૧૮૬ જીઆરડી ૧૮૬ હોમગાર્ડ મહિલા સાથે મળી કુલ ૧૧૦૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. તમામ કેન્દ્રો સીસીટીવીથી સુસજ્જ હતા ઉપરાંત ૯૩ કેન્દ્રો પર વિડીયોગ્રાફરની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. પરીક્ષાનું પેપર પૂર્ણ થયા બાદ હિંમતનગર વિવિધ સ્થળે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. હિંમતનગરના રિલાયન્સ મોલ રોડ પર, મોતિપુરા સર્કલે, ન્યાયમંદિર પાસે મહેતાપુરા ચાર રસ્તે, સહકારી જીન ચાર રસ્તે ટ્રાફિક જામ થયો હતો.

### એલઆરડી પરીક્ષા આપવા નીકેળેલ

## માલપુરના મગોડી ગામનો યુવાન અકસ્માતમાં જિંદગીની પરીક્ષા હારી ગયો

મોડાસા, તા. ૬

૨જી ડિસેમ્બરે લોક રક્ષક દળની પરીક્ષાનું પેપર લીક થતા પરીક્ષા રદ કરવામાં આવી હતી. રાજ્ય પરીક્ષા ભરતી બોર્ડ દ્વારા આજે લોક રક્ષક દળની પરીક્ષા યોજાઈ હતી. પરીક્ષાર્થીઓ પરીક્ષાકેન્દ્ર દૂર હોવાથી પરીક્ષા આપવા માટે એસટી બસની સુવિધાના અભાવે ખાનગી વાહનો અને બાઈક લઈ જીવન જોખમે મુસાફરી કરી પરીક્ષા કેન્દ્ર પર પહોંચવા વહેલી સવારથી મથામણમાં પડ્યા હતા. અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના મગોડી ગામનો વિપુલ ખાંટ ડાહ્યાભાઈ ખાંટ નામનો યુવાન કપડવંજ પરીક્ષાકેન્દ્ર પર વહેલી સવારે બાઈક લઈને નીકળ્યો હતો. બાયડના સરસોલી ગામ નજીક યુવકનું બાઈક અગમ્ય કારણોસર ઝાડ સાથે અથડાતા ઘટનાસ્થળે જ મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. અકસ્માતની ઘટનાની જાણ બાયડ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક બાઈકચાલકની મૃતદેહને પી.એમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



માલપુર તાલુકાના મગોડી ગામનો યુવાન વિપુલ ડાહ્યાભાઈ ખાંટ લોકરક્ષકદળની પરીક્ષાનું કેન્દ્ર કપડવંજ હોવાથી વહેલી સવારે ઘરેથી પોલીસે બનવાના સ્વપ્ન સાથે બાઈક લઈ નીકળ્યો હતો. યુવાન અને યુવાનના પરિવારજનો માટે લોક રક્ષક દળની પરીક્ષા "ન જાણ્યું જાનકીનું થશે" યુક્તિ સાર્થક થતી હોય તેમ બાયડના સરસોલી નજીક બાઈક રોડ સાઈડ પર રહેલા ઝાડ સાથે ભટકાતા બાઈક ચાલક યુવાન વિપુલનું ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી જતા ચકચાર મચી હતી લોક રક્ષક દળની પરીક્ષા આપવા નીકળેલ યુવાનનું અકસ્માતમાં મોત નિપજતા પરિવારજનો અને સગા-સબંધીઓના ટોળેટોળા ઉમટ્યા હતા અને આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. લોકરક્ષક દળની પરીક્ષા આપે તે પહેલા યુવાન જિંદગીનો જંગ હારી જતા માલપુર પંથક સહીત સમગ્ર અરવલ્લી જીલ્લામાં શોકની લાગણી ફેલાઈ હતી.

## મોડાસાથી એલઆરડીના પરીક્ષાર્થીઓની ગાંધીનગર જતી બસ હાલક ડોલક થતા વિદ્યાર્થીઓ જીવ બચાવવા ઉતરી ગયા

મોડાસા, તા. ૬

૬ જાન્યુઆરી લોકરક્ષક દળની પરીક્ષામાં અગાઉ લોકરક્ષક દળની પરીક્ષા પેપર કૌભાંડના પગલે રદ થતા રાજ્ય સરકારે પરીક્ષાર્થીઓ માટે વિનામૂલ્યે એસ.ટી. બસમાં મુસાફરી કરવાની સુવિધા ઉપલબદ્ધ કરાવી હતી. લોકરક્ષક દળની ટ્રીપમાં ફરજ પરના તમામ ડ્રાઈવરોની બ્રીથ એનલાઈઝર મશીન દ્વારા ચકાસણી કરી ડ્રાઈવરોને બસની કમાન સોંપવાનો પરિપત્ર કરાયો હતો. તેમ છતાં મોડાસા ડેપોની મોડાસાથી ગાંધીનગર લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓ ભરી નીકળેલ બસનો ડ્રાઈવર નશામાં ધૂત હોવાની અને બેફામ બસ હંકારતા પરીક્ષાર્થીઓના જીવ પડીકે બંધાયા હતા. પરીક્ષાર્થીઓને વડાગામ નજીક બસ અટકાવી હોબાળો મચાવતા બાયડ ડેપો મેનેજરે અન્ય ડ્રાઈવરની સગવડ કરી વડાગામ દોડી જઈ બ્રીથ એનલાઈઝર મશીનથી ડ્રાઈવરની ચકાસણી કરતા ડ્રાઈવર પીધેલો હોવાનું જણાતા મોડાસા ટાઉન પોલીસને સોંપતા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોડાસાથી ગાંધીનગર લોકરક્ષક દળની ટ્રીપ માટે મોડાસા ડેપોની એસ.ટી બસ (ગાડી.નં.૭૮૪૧)માં ૫૦થી વધુ પરીક્ષાર્થીઓ સાથે મોડાસા ડેપોમાંથી રવાના થઈ હતી. બસનો ચાલક લાલસિંહ ચંદનસિંહ જાડેજા પીધેલો હોવાથી બસ બેફામ હંકારતા પરીક્ષાર્થીઓના જીવ તાળવે ચોંટ્યા હતા. ધનસુરા વડાગામ નજીક પરીક્ષાર્થીઓએ હોબાળો કરી જીવ બચાવવા નીચે ઉતારી જતા અને કંડક્ટરે ડેપો મેનેજરને જાણ કરતા બાયડ ડેપો મેનેજર દોડી આવી પરીક્ષાર્થીઓનો સમય ના બગડે તે માટે અન્ય ડ્રાઈવરની સગવડ કરી બસ ચાલકને મોડાસા ડેપોમાં લઈ આવતા મોડાસા ટાઉન પોલીસે બસ ચાલકને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હિંમતનગરમાં પાંચ ગાયોના પગ કાપી નંખાતા અરેરાટી

હિંમતનગર, તા. ૬

હિંમતનગરના જુના બલવંતપુરા વિસ્તારમાં રહેતા ભરવાડ પરીવારોની શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સોએ આવી અગમ્ય કારણોસર પાંચ ગાયોના તીક્ષ્ણ હથિયારથી પગ કાપી ઈજા પહોંચાડી હતી. જે અંગે શનિવારે આવુ જધન્ય કૃત્ય કરનાર અજાણ્યા શખ્સો વિરૂદ્ધ એક ભરવાડ પશુપાલકે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે ભરવાડ વસાહતમાં રહેતા બાબુભાઈ રામાભાઈ ભરવાડે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓ તેમના ભાઈઓ તથા કાકાના દિકરાઓની ગાયો લઈને શુક્રવારે સીમમાં ચરાવવા ગયા હતા. જ્યાંથી પરત આવ્યા બાદ કેટલીક ગાયોને ખીલે બાંધી હતી. અને રાત્રે દસ વાગે તેઓ તથા પરીવારના સભ્યો સુઈ ગયા હતા. દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સોએ મોડી રાત્રે વસાહતમાં આવીને ચાર ગાયો તથા એક આખલાનો જમણો પગ તીક્ષ્ણ હથિયારથી કાપી નાંખી ચાર ગાયો તથા એક આખલાને લોહી લુહાણ કરી જતા રહ્યા હતા.

બીજી તરફ ભરવાડ વસાહતમાં રહેતા લોકો સવારે દૂધ દોહવા માટે ગયા ત્યારે ચાર ગાયો અને એક આખલાની લોહી લુહાણવાળી હાલત જોઈને તેઓ બેબાકળા બની ગયા હતા. ત્યારબાદ આવુ જધન્ય કૃત્ય કરનાર અંગે કોઈ સગડ મળ્યા ન હતા. જેથી તેમણે તરત જ કરૂણાપશુ હેલ્પલાઈનમાં જાણ કરીને પશુચિકિત્સકોને બોલાવી પાંચેય પશુઓની સારવાર કરાવી હતી. ભરવાડ પરીવારના લોકોનું કહેવું છે કે આવુ કૃત્ય કરનાર નિર્દયી ઈસમો વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી કરવી જોઈએ.

આ ઈજાગ્રસ્ત ગાયોમાં એક અજાણ્યા ઈસમનો આખલો હતો તથા બાકીની ઈજાગ્રસ્ત એક ગાય બાબુભાઈ ભરવાડની, એક ગાય રમેશભાઈ ભરવાડની તથા અન્ય બે ગાયો ગોસાભાઈ ભરવાડની હતી. ત્યારબાદ આ બધાએ ભેગા મળીને નિર્ણય કર્યા બાદ બાબુભાઈ ભરવાડે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ શનિવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. આ ફરીયાદમાં ગાયોના પગે ઈજા પહોંચાડતા ભરવાડ પરીવારોને અંદાજે રૂ. ૧૫ હજારનું નુકસાન થયાનો દાવો કરાયો છે.

### મોડાસા સ્ટેટ બેંકની ઘોર બેદરકારી ગ્રાહકે ચેકના

## નાણાં માટે મીડિયાનો સહારો લેતા બેંકના ગાર્ડે મીડિયા ટીમને ધક્કે ચઢાવી

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલી ચાર રસ્તા સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં કર્મચારીઓની દાદાગીરી અને ગ્રાહકો સાથે ઉદ્ધતાઈપૂર્વક વર્તણુક કરતા હોવાની અનેક બૂમો ઉઠી રહી છે. ત્યારે બેંકમાં ગ્રાહકે જમા કરાવેલ પી.એફ નો ચેક અન્ય ખાતામાં અગમ્ય કારણોસર જમા કરી દેવતા વારંવાર બેંકના અધિકારીઓ અને કર્મચારીઓને રજુઆત કરવા છતાં ન્યાય ન મળતા ગ્રાહકે મીડિયાનો સહારો લેતા મીડિયાના કર્મચારીઓ કવરેજ માટે બેંકમાં જતા બેંકના સિક્યુરિટી ગાર્ડ દ્વારા દુનિયાની ચોથી જાગીરી સાથે ધક્કામુક્કી કરતા કેમેરો છીનવવાનો પ્રયત્ન કરતા મીડિયા કર્મીઓ સમસમી ઉઠ્યા હતા.



મોડાસા ખાતેની ચાર રસ્તા ખાતેની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ગ્રાહકે એક લાખનો પીએફનો ચેક ચોવીસ ડિસેમ્બરના રોજ બેંકમાં ચેક જમા કરાવ્યો હતો, પણ દસ દિવસની આસપાસનો સમય વીતિ જવા છતાં પણ ચેક ક્લીયર નહોતો થયો. જોકે બેંકની બેદરકારીથી ચેક બીજીના ખાતેદારના ખાતામાં જમા થતાં ગ્રાહકો મીડિયાનો સહારો લીધો હતો. ગ્રાહકની સમસ્યાના તાગ મેળવવા અને વાચા આપવામાં માટે મીડિયાની ટીમ બેંકમાં પહોંચતા બેંકની બેદરકારી છુપાવવા કોઈ અધિકારી કે કર્મચારીના ઈશારે બેંકના સિક્યુરિટી ગાર્ડે મીડિયા કર્મીઓ સાથે ધક્કામુક્કી કરી મીડિયા કર્મીઓને કવરેજ કરતા અટકાવ્યા હતા.

મીડિયા કર્મીઓ બેંકમાં પહોંચતા અન્ય ખાતેદારોએ પણ બેંકની ધીમી કામગીરી ફરિયાદ મીડિયા સમક્ષ વ્યક્ત કરી કરતા કર્મચારીઓ અને અધિકારીઓની પોલ બહાર ન પડે તે માટે સિક્યુરિટી ગાર્ડે હવાતિયાં મારતા કેમેરો પણ ખુંચવવાની હિમ્મત કરતા પત્રકારોમાં ભારે રોષ ફેલાયો હતો અને ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાની તૈયારી હાથ ધરી હતી.

### શેઠશ્રી જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલ, મહિયલનું ગૌરવ

મહિયલ, તા. ૬

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, ગુજરાત શૈક્ષણિક અને સંશોધન તાલીમ ભવન-ગાંધીનગર (જી.સી.ઈ.આર.ટી.) અને જિલ્લા શિક્ષણ તાલીમ અને સંશોધન ભવન વડોદરાના સંયુક્ત ઉપક્રમે કેલરપુરી દાદા ભગવાન ત્રિમંદિર-વડોદરા ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે યોજાયેલ રાજ્યકક્ષાની વક્તૃત્વ હરીફાઈમાં "ગાંધી વિચાર સાંપ્રત સમયમાં" વિષય પર પોતાની આગવી છટામાં ધારદાર વ્યક્તવ્ય આપી રાજ્યમાંના શ્રેષ્ઠ પાંચ વિદ્યાર્થીઓમાં શેઠશ્રી જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલ, મહિયલ, તા. તલોદનો ધો. ૧૦માં અભ્યાસ કરતો વિદ્યાર્થી પંડ્યા પર્વ પ્રજ્ઞેશભાઈએ પોતાનું સ્થાન અંકિત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. જે માટે શાળા પરિવાર હર્ષની લાગણી અનુભવે છે. ટ્રસ્ટી મંડળના પ્રમુખ, હિતેન્દ્ર એસ. ઉપાધ્યાય, મંત્રી મહેશભાઈ પી. ઉપાધ્યાય, ટ્રસ્ટી કમલેશભાઈ એમ. ઉપાધ્યાય તેમજ શાળાના આચાર્ય ડૉ. મહેન્દ્રભાઈ પી. પંચાલે વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

## ડીસાની સ્કાય ઈન્ટરનેશનલ સ્કૂલમાં કરાટે સ્પર્ધા યોજાઈ

ડીસા, તા. ૬

ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓ ભણતરની સાથે સાથે રમત ગમત વિશે પણ જાણતા થાય




તે માટે ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે ત્યારે આજે ડીસાની સ્કાય મોટેશ્વરી સ્કૂલ ખાતે પણ કરાટે સ્પર્ધાનું આયોજન કરાયું હતું જેમાં ડીસા તાલુકાઓની નવ જેટલી શાળાઓના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનામાં રહેલ કૌશલ્ય બતાવ્યું હતું. આ કરાટે સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થયેલા સ્પર્ધકોને ઈનામો આપી સન્માનિત કરાયા હતા. આ સ્પર્ધામાં પ્રથમ આવેલ સ્પર્ધકને ગોલ્ડ મેડલ, બીજા નંબરે આવેલ સ્પર્ધકને સિલ્વર મેડલ તથા ત્રીજા નંબરે આવેલ સ્પર્ધકને બ્રોન્ઝ મેડલ અપાયો હતો. તદ ઉપરાંત આ કરાટે સ્પર્ધામાં સારું પ્રદર્શન કરનાર શાળાઓને પણ સિલ્ડ અપાયા હતા. આ સ્પર્ધામાં શિક્ષકો, વાલીઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આજે યોજાયેલી કરાટે સ્પર્ધા પ્રસંગે કરાટે કોચ ભરતભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે આજના યુગમાં કરાટે શીખવા ખુબ જ જરૂરી હોય છે કરાટેના કારણે દુશ્મનોથી આપણા શરીરનું રક્ષણ કરી શકાય છે. અને આજના સમયમાં દીકરીઓ સાથે છેડતીના બનાવો ખૂબ જ વધી રહ્યા છે ત્યારે દીકરીઓ કરાટે શીખી છેડતીના બનાવો સામે પણ રક્ષણ મેળવી શકે છે.

### મોઢ પાટીદાર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

હિંમતનગર, તા. ૬

ગુજરાત મોઢ પાટીદાર સમાજનો સમુહ લગ્નોત્સવ આગામી તા. ૧૦ ફેબ્રુઆરીને વસંતપંચમીને દિવસે હિંમતનગર ખાતે આવેલ સમાજવાડી ખાતે યોજાશે. જે અંગે તાજેતરમાં સમાજના આગેવાનોની બેઠક મળી હતી. અત્યાર સુધીમાં તેર યુગલોની નોંધણી કરાઈ છે.

### મોરથલ ગામે પતિ-પત્નીને વીજ કરંટ લગતા પતિનું મોત

થરાદ તાલુકાના મોરથલ ગામે પતિ-પત્નીને વીજ કરંટ લગતા પતિનું મોત નીપજ્યું છે જયારે પત્નીને ગંભીર હાલતમાં સારવાર અર્થે ધાનેરાની ખાનગી હોએપિટાલમાં ખસેડવામાં આવી છે. થરાદ તાલુકા ના મોરથલ ગામે રહેતા હજુરભાઈ સકરાભાઈ ઠાકોર અને તેમની પત્ની પારુબેન હજુરભાઈ ઠાકોર બંને પોતાના ખેતર માં કામ કરી રહ્યા હતા તે સમયે હજુરભાઈ ને અચાનક વીજ કરંટ લાગતાં પારુબેન તેમને છોડવવા દોડ્યા હતા પરંતુ તેમને પણ વીજ કરંટ લગતા બંને ગંભીર રીતે દાઝ્યા હતા.

## હિંમતનગરમાં પ્લાસ્ટીકના વેપારીઓની દુકાનોમાં દરોડા

હિંમતનગર, તા. ૬

પ્લાસ્ટીકના વપરાશ પર સરકાર અંકુશ મુકી રહી હોવા છતાં પણ કેટલાક વેપારીઓ નિયમ વિરૂદ્ધ પર્યાવરણ અને આરોગ્યને હાની પહોંચાડતા પ્લાસ્ટીકનો ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે તેને બંધ કરાવવાના આશયથી શનિવારે હિંમતનગર પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં જથ્થાબંધ પ્લાસ્ટીક વેચતા ચાર વેપારીઓના ધંધાના સ્થળે દરોડા પાડી અંદાજે ૮૫૭ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તેમની પાસેથી અંદાજે રૂપીયા ૧૮,૩૦૦નો દંડ વસુલ કરાયો હતો.

આ અંગે પાલિકાના આરોગ્ય વિભાગના ચેરમેન સાવન દેસાઈના જણાવાયા મુજબ હિંમતનગરમાં પ્લાસ્ટીકની થેલીઓ તથા અન્ય ચીજો વેચતા વેપારીઓને અગાઉ નગરપાલિકા દ્વારા બેઠક કરીને જાણ કરવામાં આવી હતી કે લોકોના આરોગ્ય પર માઠી અસર કરતી પ્લાસ્ટીકની થેલીઓ તથા અન્ય ચીજોનું વેચાણ બંધ કરવુ જોઈએ તેમ છતાં કેટલાક પ્લાસ્ટીકના જથ્થાબંધ વેપારીઓ નિયમોનો ભંગ કરીને પ્લાસ્ટીક વેચી રહ્યા હતા.